

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કયાં કામ બાકી રહ્યાં ચૂંટણીમાં યાદ આવે છે,*
*ખાલી પત્રાળીમાં લાડુ પિરસવા યાદ આવે છે,*
*યાદ આવે છે ભૂલાયેલા-ખોવાયેલા મતદાર -*
*નમ્ર બનીને મત માગતાં નાની યાદ આવે છે...*
*(સ્થાનિક સ્વરાજ ચૂંટણીએ)*

હાઈકુ

*શેતાનીયત*
*લઈ જશે વિશ્વને -*
*નર્કાગારમાં...*
*(રાસા.હુમલાનો ભય)*

*જાગશે દેવો*
*તુલસી વિવાહને -*
*દેવ-દિવાળી...*
*(સૂતેલા નેતા પક્ષો)*

## ચિંતન

**ઉદ્ધત વેશધરો ન ભવેત ॥**

ચાણક્ય નીતિનું આ સૂત્ર છે.

ઉદ્ધત-મર્યાદા ભંગ કરનારા-વિચિત્ર પ્રસંગોપાત ન હોય તેવા વેશ-પોષાક કદી પણ ધારણ ન કરવો.

કોઈ લગ્ન પ્રસંગે સફેદ-સોગીયાં કપડાં પહેરી જઈએ તો? કોઈના બેસણાંમાં લગ્ન-પ્રસંગ જેવાં કપડાં પહેલી જવાય? આજકાલ સ્ત્રીઓ ને શરીર પર કપડાં-મર્યાદાનું વજન લાગે છે - જે અંગોની મર્યાદા સચવાવી જોઈએ એવાં અંગો કેમ વધારે આકર્ષક બની બહાર ડોકિયાં કરે, એવાં વસ્ત્રોની પસંદગી કરવામાં આવે, વસ્ત્રો સ્ત્રી-પુરુષની મર્યાદા સચવાય અને વ્યક્તિત્વમાં વધારો થાય એવાં પહેરવાં જોઈએ.

આજના કંપની-કોર્પોરેટના કાળમાં લગભગ તો 'યુનિફોર્મ' નિશ્ચિત હોય જ છે પણ જયા જે કચેરી-કાર્યાલયોમાં ડ્રેસકોડ ન હોય ત્યાં પણ પોતાના હોદ્દાની-ધંધાની-મર્યાદા પ્રમાણએ જ પહેરવેશ પહેરવો જોઈએ. ચાણક્ય-નીતિની આ વ્યવહારુ ઉત્તમ સલાહ છે.

## સુવિચાર

- પ્રિય લાગતી વ્યક્તિને જે ન ગમતું હોય તે ન કરીએ એ જ એમના પ્રત્યેના આપણા પ્રેમની નિશાની છે - **સંત ફ્રાંસિસ**
- જીવ અને આત્મા એકબીજા પર નિર્ભર છે તેવું જાણો ત્યારે જાગૃતિ આવે - **શ્રી શ્રી રવિશંકર**
- અહંકાર-અજ્ઞાન-આસક્તિ આ ત્રણે દોષ એવા કે જે આપણા હૃદયમાં પ્રભુ પ્રત્યે ઉત્કટ ભાવ પેદા થવા દેતા નથી - **ઝેન કથન**
- વળતર ન મળે એવા ધંધામાં આપણે મુડી રોકાણ કરતા નથી તો મનને દુર્ભાવગ્રસ્ત રાખે એવા પ્રસંગોમાં સ્મૃતિનું રોકાણ પણ ન કરો - **એસ. ભટ્ટાચાર્ય**
- હક અધિકાર આધિપત્યની વાત સુખના જગતમાં કદાચ ચાલી પણ જાય પરંતુ ધર્મના જગતમાં તો પ્રેમ અને નમ્રતા જ સ્વીકાર્ય બને છે - **ઝેન કથન**
- પવિત્ર હૃદયવાળા સદ્દ્ગુરુની સલાહ એ 'બમ્પ' નું કામ કરે છે જે પાપની ઝડપને પાપના રસને, પાપના આવેગને ઘટાડી નાખે છે - **અખંડ આનંદ**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આપણે નાનાં બાળકોનો જન્મદિવસ ઉજવવા નામાંકિત લોકોને ઉપકૃત કરવા મોટી પાર્ટીનું આયોજન કરીએ અને પોત-પોતાનાં 'ગ્રુપ' સાથે પોતાના રસક્ષેત્રોની ચર્ચામાં ગૂંથાઈ જઈએ 'બાળક' ને શું ગુમ છે. શું કરે છે એનું પણ ભાન રાખતા નથી. છતાં 'બાળક' પર પાર્ટીમાં ખૂબ પ્રેમથી રસ લેવા-હાજર રહેવા દબાણ કરવામાં આવે છે.

આવી એક મોટી પાર્ટીમાં - ભેટ સોગાદના ઢગલા પાસે ન ભાવતી વાનગીઓ સામે ટગર-ટગર જોતો ઝોકે ચઢેલો બાળક ખૂબ થાકી કંટાળી ગયો હતો.

દાદીમાનું ધ્યાન તેના પર ગયું - તેને પંપાળી વહાલ કર્યું - કહ્યું કેમ ઊંઘ આવે છે?

બાળકે નિશ્વાસ લઈ દાદીને કહ્યું, 'બા, પપ્પાની આ પાર્ટી પુરી થઈ જાય પછી હું મારા શેરીના મિત્રો સાથે રમવા જાઉં - ત્યાં હું મારા જન્મદિવસની બધાને ચોકલેટ આપીશને ધમાલમસ્તી કરીશું!!'

# નવાં સમીકરણોના શ્રીગણેશ

## તંત્રીસ્થાનેથી....

વિધાનસભાની ચૂંટણીમાં મોદી મેજિકનું સુરસુરિયું થઈ ગયા પછી બિહારમાં નવાં રાજકીય સમીકરણ મંડાયાં છે તેમાં નીતીશકુમાર વિપક્ષના પુનરુત્થાનના મહાનાયક તરીકે ઉપસી આવ્યા છે તો સામે સત્તામાં અડધોઅડધ ભાગીદારી નોંધાવનારા 'માઈ કા લાલ' (અંગ્રેજી શબ્દ My નો હિંદી ઉચ્ચાર 'માઈ' થાય છે - M એટલે મુસ્લિમ અને y એટલે યાદવ. આ બે કોમોનું ધ્રુવીકરણ લાલુને ફળતું રહ્યું છે -) છેલ્લાં દશ વર્ષ દરમિયાન એક પણ ચૂંટણી નહીં જીતી શકનાર લાલુએ, ધમાકાબંધ વિજયકૂચ કરી મગધ સામ્રાજય પાછું મેળવ્યું છે. અલબત્ત ચારા કૌભાંડમાં પાંચ વર્ષની સજા થયેલ હોઈ તેઓ ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવાયા હતા, પરંતુ મહાગઠબંધનના 'મોટા ભાઈ' અને બિહાર સરકારના પડદા પાછળના 'સુપર સીએમ' તો એ જ પુરવાર થયા છે. એમણે અને રાબડીમૈયાએ બેઉ ચૂંટાયેલા પુત્રોનું રાજયારોહણ સગી આંખે નિહાળ્યું તે એમના દાંપત્ય જીવનની સૌથી યાદગાર ઘટના છે. નીતીશકુમારને 'દૂલ્હા' બનાવીને જંગ જીતવા નીકળ્યા હતા, એટલે મુખ્યમંત્રીની ખુરશી તો અગાઉથી રિઝર્વ થઈ ચૂકી હતી. નીતીશની પાર્ટી જદ(યુ) કરતાં પાંચ વધુ બેઠકો મેળવ્યા પછી પણ લાલુ યાદવ એમના વચનને વળગી રહ્યા, તે એમની રાજકીય પરિપકવતા જ નહીં, 'ડીએનએ'ની ખાનદાની સૂચવે છે. પરંતુ બદલામાં કૅબિનેટમાં બીજું અને ત્રીજું સ્થાન યાદવબંધુ બેલડીને ફાળવીને નીતીશ કુમારે પણ એટલી જ ખાનદાની દાખવી છે. બનવાજોગ કે લાલુ-રાબડીએ પોતાના કંધોતરોને 'સૅટ' કરવાનો આગ્રહ પણ રાખ્યો હોય. પણ મુખ્યમંત્રીના વિશેષાધિકારની રૂએ નીતીશકુમાર લાલુજીને થોડી ધીરજ રાખવાનું કહી શક્યા હોત. છવ્વીસ અને સત્યાવીસ વર્ષની ઉંમરના બે જુવાનિયા પિતાનો વારસો સાચવવા નીતીશ સરકારના 'નંબર-ટુ' અને 'નંબર-થ્રી' બની ગયા છે, એટલું જ નહીં - તેજસ્વી યાદવને તો ડેપ્યુટી સીએમનું પદ પણ આપવું પડ્યું છે. જદ(યુ) અને ખુદ રાષ્ટ્રીય જનતા દળના સિનિયર ધારાસભ્યોને આ 'ક્રાંતિકારી' પગલું જરુર કઠ્યું હશે, પરંતુ તેઓ સમજે છે કે સત્તા આગળ શાણપણ નકામું છે. સત્તાનું સમીકરણ માંડવામાં લાલુ યાદવ કદાચ નીતીશકુમાર કરતાં પણ ચડિયાતા પુરવાર થયા છે. એમણે સામે ચાલીને નીતીશકુમારની સરકારને બચાવી હતી, પોતાના કટ્ટર હરીફને ફરી મુખ્યમંત્રી બનાવવાની તૈયારી દાખવી હતી અને મુલાયમસિંહ જેવા વરિષ્ઠ યાદવ નેતા સંભવતઃ સીબીઆઈની બીકે મહાગઠબંધનથી વેગળા રહ્યા તેવા સંજોગોમાં પણ લાલુએ નીતીશકુમાર સાથે ખભેખભો મિલાવી ચૂંટણીજંગ લડી લેવાનો નિરાધાર પાર પાડ્યો હતો. કોંગ્રેસનાં અધ્યક્ષા સાથે વફાદારી દાખવતા રહેતા લાલુ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને નહોતા ગમતા. પરંતુ એ ગમા-અણગમા કોરાણે મૂકી ત્રણેય પાર્ટીઓએ જોડાણ કર્યું એથી ત્રણેને લાભ જ થયો છે. વર્ષો પછી કોંગ્રેસને બિહારના સત્તાકારણમાં પુનઃ પ્રવેશ મળ્યો છે. આ રાજકીય પરિબળો આ ત્રિવેણી સંગમ આગામી સમયમાં વધુ કામયાબી હાંસલ કરશે એવી આગાહી અસ્થાને નથી. ફારુખ અબ્દુલ્લા અને ઉમર આવે એ તો સમજાય, પરંતુ બિહાર ક્રાંતિનો જશન મનાવવા શિવસેના અને અકાલીદળ પણ સામેલ થાય તે ઘણી સૂચક બાબત બની રહે છે. નીતીશ-લાલુના ભવ્ય રાજયારોહણ પ્રસંગે મોદી સામે વિપક્ષની એકતાનું શક્તિપ્રદર્શન પણ યોજાઈ ગયું. રાહુલ ગાંધી, મમતા બેનરજી, અરવિંદ કેજરીવાલ, સીતારામ યેચુરી અને શરદ પવારથી લઈ સ્ટાલિન અને શંકરસિંહ વાઘેલા સુધીના નેતાઓ એક મંચ પર આવ્યા છે તે સૂચક છે. ઉત્તર પ્રદેશમાં માયાવતી અને મુલાયમની લડાઈમાં ભાજપ માટે તકો જરુર બચે છે, પરંતુ પાટલિપુત્રનું પરિદૃશ્ય એમને પણ સમજાયું હશે. નરેન્દ્ર મોદીના દોઢ વર્ષના શાસનકાળમાં સિદ્ધિઓ કરતાં વાણીવિલાસ એક એકહથ્થુ શાસનનું જે ચિત્ર ઊપસ્યું છે, એની સામે વિપક્ષ સંગઠિત થયો જોઈ ખુદ ભાજપના સિનિયર નેતાઓ રાજીના રેડ થઈ રહ્યા હશે. સમય બહુત બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન!

# પ્રવાસન સ્થળો અને માનવી વર્તુણૂંક : શું આપણે એક આદર્શ પ્રવાસી છીએ?



દીવાળીની રજાઓ, ઉનાળાના શાળા-કૉલેજોના વેકેશનો, અન્ય જાહેર રજાઓ અને તહેવારોમાં લોકોમાં ફરવા જવાનો શોખ વધી રહ્યો હોવાનુ જોવા મળે છે. વધતી જતી વશતી અને વધેલા ભૌતિક સુખો તેમાં પણ ખાસ કરીને ફોરવ્હીલ વાહનોની સગવડોના કારણે હવે આપણાં પ્રત્યેક પ્રવાસન સ્થળોએ આવા દિવસોમાં માનવ મહેરામણથી ઉભરાય છે. જે તે સ્થળની ક્ષમતા કરતા વધુ લોકો એક જ સ્થળે જે તે સ્થળે આવતાં હોઈ ત્યાં તમામ પ્રકારની સુવિધાઓ અપુરતી થઈ પડે છે. આવા સ્થળોએ આમેય વાહન પાર્કિંગની સુવિધા હોતી નથી અને હોય છે તો મર્યાદિત વાહનો માટે હોય છે. રસ્તાઓ હોય તો તે સીંગલ પટ્ટી હોય છે. આવા સમયે સેંકડોની સંખ્યામાં આવતા વાહનો કયાં મૂકવા તે એક વિકટ પ્રશ્ન થઈ જાય છે. અન્યોની અગવડ કે ટ્રાફિક નિયમોની પરવા ન કરતાં કેટલાંક લોકો હજ્જારો લોકો માટે અડચણરુપ બને તેમ તેમના વાહનો આડેધડ પાર્કિંગ કરે છે. કેટલાક લોકો રેસમાં ભાગ લીધો હોય તેમ કે પછી હું જ પહેલો પહોંચું તેવી બાલીશ મનોવૃત્તિને કારણે ટ્રાફિક જામની સમસ્યા સર્જે છે. આવા સમયે ઘણાં લોકોના સારા સંસ્કારો કે સ્વભાવ પ્રગટી નીકળે છે. મજાથી સ્થળને માણવા આવનારા લોકો કલાકો સુધી ટ્રાફિક જામમાં અટવાય છે અને એ બાબતે થતાં ઝઘડાઓથી મૂડ ખરાબ થાય છે. આપણે ત્યાં બીજાની ફિકર કર્યા વગર ટ્રાફિકના નિયમોનું આડેધડ ઉલ્લંઘન કરવાની શરમજનક વૃત્તિ ભણેલ-ગણેલ વ્યક્તિઓમાં પણ જોવા મળી રહી છે તે એક દુઃખદ વાત છે.



**વનસૃષ્ટિનો પરિચય**
હેમંત સુથાર

પ્રવાસન સ્થળે મળતી આપણી બીજી મનોવિકૃતિનું ઉદાહરણ છે પ્લાસ્ટિક કે અન્ય ખાદ્યપદાર્થોના પૅકીંગ મટીરીયલ્સ જેમાં થેલીઓ, પાઉચ, બોટલો ગમે ત્યાં નાંખી દેવાની વૃત્તિ. સ્વચ્છ સુંદર કે પ્રાકૃતિક સ્થળે ફરવા જનારાઓને તે સ્થળનો ઉપભોગ કરીને આનંદ લેવો છે પણ જે તે સ્થળની સ્વચ્છતા જાળવવાની જવાબદારી લેવી નથી. પરિણઆમે આવા સ્થળો ધીરે ધીરે ગંદકીના ઉકરડા બની રહ્યા છે.

આવા સ્થળોએ પ્રવાસીઓ માટે રહેવા, ખાવા, મોજમજા માટેની સગવડો વિકસાવવા માટે નિયમોને નેવે મુકીને આડેધડ બાંધકામો - સુવિધાઓ ઊભી કરવામાં આવે છે. પ્રાકૃતિક સ્થળોએ કુદરતી સાનિધ્ય માણવા આવનારા લોકો વીજળીનું લાઈટ, એરકંડીશનોની ઠંડક અને સ્થાનિક ભોજનને બદલે બહારના વિવિધ ભોજન વગેરેની ફાઈવસ્ટાર સગવડોની અપેક્ષા રાખે છે આ બધાને કારણે તેવા સ્થળો તેની વાસ્તવિક ઓળખ ગુમાવીને કોઈ મોટા આધુનિક શહેરની પ્રતિકૃતિ સમાન બની જાય છે. થોડાક કલાકો કે એકાદ બે દિવસ માટે પણ આપણે સામાન્ય અગવડો ભોગવવા માંગતા નથી.

આવા સ્થળોએ લકઝરી કારોના હજારો વોટની ક્ષમતા ધરાવતી સાઉન્ડ સિસ્ટમમાં કાન ફાડી નાંખે તેટલા અવાજથી બીજાને પ્રભાવિત કરવા માટે વગાડતાં મ્યુઝિક અને બિનજરુરી મોટે મોટેથી ઘાડા પાડીને પ્રાકૃતિક સ્થળની નિરવ શાંતિને ખલેલ પહોંચાડવામાં આવે છે. જંગલ ભાગમાં રહેતાં પશુ-પક્ષીઓ જેવા જીવોને આવા ઘોંઘાટથી હાનિકારક ખલેલ પહોંચી શકે છે. તેવા જીવો તે વિસ્તારોમાં રહી ન શકે તેવી સ્થિતિ પેદા થાય છે. આટલી નાની-સુની સમજણ પણ ન ધરાવતાં લોકોને સમજાવવા પણ બહુ જ કઠીન છે. કોઈ અનુભવી જાગૃત વ્યક્તિ તેમને સલાહ આપે તો તેમનું અપમાન કરીને ઉતારી પાડવા જેવી છીછરી મનોવૃત્તિ પણ કેટલાંક લોકોમાં જોવા મળે છે.

ફોટોગ્રાફી કરવા માટે કોઈ કુદરતી વસ્તુઓને કે ઐતિહાસિક-પ્રાચીન ઈમારતોને નુકસાન ન પહોંચે તેટલી કાળજી લેવાનું પણ ઘણાંને સૂઝતું નથી. કેટલાક પ્રેમી પંખીડાઓ વૃક્ષો, ઈમારતો કે પથ્થરો પર પોતાના નામો ચીતરીને જાણે કે અમર પ્રેમની મહાન કૃતિ રચી હોય તેવો વિકૃત્ત આનંદ મેળવે છે.

બીજી વાત એ છે કે વિશેષ કરીને પ્રાકૃતિક, કુદરતી કે પર્યાવરણીય પ્રવાસન સ્થળોએ વનસ્પતિઓ, પક્ષીઓ-પ્રાણીઓ, જળ-જમીન-હવા જેવા કુદરતી સ્ત્રોતો માનવીય અતિક્રમણ - અવરજવર, ઘોંઘાટ, ગંદકી, વાહનોની અવર-જવરથી મોટા પ્રમાણમાં દુષિત થઈ રહ્યા છે. આવા સ્થળો તેના આ પ્રકારના કુદરતી સ્ત્રોતોને કારણે જોવાલાયક ગણાતાં હોય છે. તેવા સ્થળો થોડા જ

અનુસંધાન પાના નં. ૬ પર

# 'બાબા' બન્યા 'બીઝનેસમેન'...!!!

સાબુથી શેમ્પુ....અગરબત્તીથી અષ્ટાંગ ધૂપ....ચ્યવનપ્રાશથી ચમત્કારી મંજન.... ફેશવોશ થી ફેબ્રિક....અને હવે નારિયેળ તેલથી નુડલ્સ.....!!!! વેલકમ ટુ ધ મિલિયન ડોલર વર્લ્ડ ઓફ બાબા ટરન્ડ બીઝનેસમેન રામદેવ મહારાજ..!!! દેશમાં સ્વદેશી ક્રાંતિની આહલેક જગાવનાર આ વિવાદી યોગગુરુની પતંજલિ બ્રાંડ હજારો ચીજવસ્તુઓ ભલભલા વિદેશી ઉત્પાદકોને હંફાવી રહી છે. દિલ્હીના રામલીલા મેદાનમાંથી અધી રાત્રે સ્ત્રીઓના કપડા પહેરીને ભાગેલા આ યોગગુરુનો હવે એક નવો અવતાર દેશ જોઈ રહ્યો છે અને એ છે ઘરેલું સામગ્રીના ઉત્પાદકનો. અને આ નવા અવતારના આંકડા વાંચશો તો વિદેશી કંપનીઓની સાથે સાથે તમારી આંખો પણ પહોળી થઇ જશે. બાબા રામદેવની પતંજલિ આયુર્વેદિક કંપનીની પ્રોડક્ટ્સ કે જેનું ૨૦૧૨માં ૪૫૦ કરોડનું વેચાણ હતું જે ૨૦૧૩માં સીધું ડબલ એટલે કે ૮૫૦ કરોડે પહોચી ગયું જે ૨૦૧૫ના વીતીય વર્ષ પુરા થતા સુધીમાં ૨૦૦૦ કરોડને આંબી ગયું. ખીલ-મસા અને પેટના દુખાવાની દવાઓ બનાવવાની શરૂઆત કર્યાથી ૨૦૦૦ પ્લસ કરોડ સુધી પહોચેલા વેચાણ પાછળ બાબાનું વેપારી દિમાગ અને પતંજલિની સ્વદેશી વસ્તુઓની લોકોમાં વધતી જતી માંગ અને લોકપ્રિયતા બન્ને છે.

બાબાના વેપારી દિમાગનો પરચો હાલમાં જ મળ્યો. થોડા સમય પહેલા થયેલા મેગી વિવાદ પછી ભારતમાં લગભગ ૩૮૦૦ કરોડનું નુડલ્સનું બજાર ખાલી પડ્યું. નુડલસના બજાર પર એકહથ્થુ શાશન કરતી મેગી જેવી વિદેશી કમ્પનીઓને પરાસ્ત કરવા હાલમાં જ બાબાએ પતંજલિ આટા નુડલ્સ બજારમાં ઉતાર્યા. પતંજલિની વસ્તુઓના વધુ વેચાણનો યુએસપી છે બીજી કંપનીઓની પ્રોડક્ટ્સથી ઓછી કિમતો. આટા નુડલ્સમાં પણ એ જ રીત જાળવી રાખીને મેગીથી સસ્તા નુડલ્સ બજારમાં આવ્યા છે. હજુ તો આ નુડલ્સ પ્રારંભિક સ્ટેજમાં વેચાણ અર્થે મુકાયા છે જે અત્યારે ફક્ત પતંજલિના દેશભરમાં ફેલાયેલા ૪૦૦ આઉટલેટમાં જ ઉપલબ્ધ છે પણ ડીસેમ્બર સુધીમાં એ દેશભરમાં ૧૦ લાખ સ્ટોર્સમાં મળવા લાગશે આ ઉપરાંત બીગ બઝાર અને રિલાયન્સ ફ્રેશ જેવી રીટેલ ચેઈનના સ્ટોર્સમાં પણ મળશે. આમેય પતંજલીએ એમની પ્રોડક્ટ્સ વેચવા માટે બીગ બઝાર સાથે તો કોન્ટ્રાકટ કરેલો જ છે. એક સમયે ફક્ત જ્યાં રામદેવની યોગશિબિર ચાલતી ત્યાં જ મળતી પતંજલિની પ્રોડક્ટ્સ હવે દેશભરમાં અનેક જગ્યાએ મળતી થઇ છે એમાં બાબાની વેપારી દીર્ઘદ્રષ્ટિ અને વસ્તુઓની નીચી કિમતોનો મહત્તમ ફાળો છે. લગભગ બધા જ બેસ્ટ સુપર સ્ટોર્સમાં પતંજલિની પ્રોડક્ટ્સનું એક અલાયદું કાઉન્ટર જોવા મળે છે. એક સમયે સાઈકલ પર ફરતા રામદેવથી શરુ કરીને હજારો કરોડનું આ સામ્રાજ્ય ઉભું કરનાર રામદેવને આ મામલે હેટ્સ ઓફ તો કહેવા જ પડે કેમકે દેશમાં ઊંડા મુળિયા નાખી ચુકેલી અને ઉચી કીમતોથી ગ્રાહકોને લુટતી બીજી સધ્ધર વિદેશી કંપનીઓ સામે બાથ ભીડીને મુકાબલો કરવો નાનીસુની વાત નથી. મેગીને પછાડવા પતંજલિ આગામી એક વર્ષમાં દેશમાં બીજા પાંચ નુડલ્સ પ્લાન્ટ શરુ કરવા જઈ રહી છે જે અત્યારે ફક્ત હરિદ્વાર એકમાં જ છે.પતંજલિ આટા નુડલ્સ પછી બહુ જલ્દીથી રામદેવ ઓઈલ ફ્રી નુડલ્સ બજારમાં લોન્ચ કરવા જઈ રહ્યા છે મતલબ મેગીને સીધી ટક્કર આપવા સજ્જ છે આ બાબા..!!! અને અત્યારે બાબા અને પતંજલિ બંને માટે સોનેરી સમય ચાલે છે કેમકે બીજેપી ની સરકાર છે અને રામદેવ આ સરકાર ના ચહિતા પણ છે...!!!

પતંજલિ અને રામદેવ ખાલી નુડલ્સ જ નથી બનાવતા. યોગ અને આયુર્વેદ અને આર્યુવેદિક દવાઓ તો રામદેવની ઓળખાણ છે જ પણ શરૂઆતમાં લખ્યું એમ એ ઉપરાંત પતંજલિ કરિયાણું, કપડા, સાબુઓ, કઠોળ, ઘી, વિવિધ પ્રકારના જ્યુસ, વિટામીન સપ્લીમેન્ટ, બ્રેકફાસ્ટ સીરીયલ્સ, હેલ્થ ડ્રીંક, પર્સનલ કેરની ચીજ વસ્તુઓ એમ અનેક પ્રોડક્ટ્સ બનાવે છે. ખાલી બનાવે છે એટલું જ નહિ પણ પતંજલિની વેબ્સાઈટ પર ઓનલાઈન વેચે પણ છે. બાબા હાઈટેક છે અને વિવાદી પણ. અન્નાનું અંદોલન હોય કે મોદીનો સંગાથ રામદેવ અને વિવાદો એકબીજાની સાથે ચાલે છે. સ્વદેશીના પ્રખર ચાહક રામદેવે એમના જ્યુસના ટેટ્રા પેકનો ઓર્ડર સ્વીસ કંપનીને આપ્યો તો બબાલ થઇ ગયેલી પણ મુખ્યત્વે રામદેવ ફક્ત પબ્લીસીટી અને પેકેજીંગનું મહોરું છે બાકી પતંજલિની બધી બનાવટો અને વેચાણ પર ધ્યાન રાખે છે એમના ચેલા બાલકૃષ્ણ ઈવન પતંજલિ આયુર્વેદ લીમીટેડમાં પણ રામદેવ નો કોઈ શેર નથી બધું સંચાલન બાલકૃષ્ણ જ કરે છે. યસ આ એ જ બાલકૃષ્ણ છે કે જેમના પર એકાદ વર્ષ પહેલા નકલી કંપનીઓ ખોલવાનો આરોપ લાગેલો. અસલમાં વિવિધ ઉત્પાદનો માટે કુલે મળીને અંદાજે ૪૦ જેવી કંપનીઓ બાબા એ સ્થાપી છે અને એઝ યુઝવલ મોટાભાગની કમ્પની એમ જ ચાલે છે. જો કે વિવાદ પછી રજીસ્ટ્રેશન કરવાનું ચાલુ છે.

'હમને યે કામ વ્યાપાર કે લિયે નહિ મગર ઉપકાર કે લિયે કિયા હે' એવું કહેતા રામદેવે એલાન કર્યું છે કે આટા નુડલ્સનો નફો ગરીબ બાળકોના કલ્યાણમાં વહેચાશે. પતંજલિની આ ધોધમાર સફળતાથી વિરોધીઓ આશ્ચર્યચકિત થઈ ગયા છે એના અનેક કારણોમાંનું એક બીજું રસપ્રદ કારણ એ પણ છે કે અત્યાર સુધી પતંજલિએ પોતાની પ્રોડક્ટના માર્કેટિંગ માટે ઓલમોસ્ટ સાવ ઓછી રકમ ખર્ચ કરી છે અને જાહેરાતો પાછળ તો ઓલમોસ્ટ નીલ. કેમકે દેશભરમાં રોજ ચાલતા અંદાજે ૧૦ લાખ જેવા રામદેવ યોગાના કલાસીસ જ પબ્લીસીટી માટે પૂરતા છે.છે ને નવાઈ પમાડે એવું. આજના જગતમાં તમારી પ્રોડક્ટ વેચવા માટે જાહેરાતોનો મારો જરૂરી છે જો કે હવે બાબા ફુલ્લી બીઝનેસમેનના પાઠમાં આવી ગયા છે એટલે પતંજલિએ દેશની ટોચની એડ કંપની મુદ્રાને જાહેરાતો માટે રોકી લીધી છે, કુસ્તીબાઝ શુશીલકુમાર જેવા અનેક સ્વદેશી આઈકોન્સ પતંજલિનો પ્રચાર કરતા જોવા મળી રહ્યા છે



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

અને એના ફળસ્વરૂપે ટીવીથી લઈને છાપાઓમાં પતંજલિની નીતનવી પ્રોડક્ટ્સની જાહેરાતોનો મારો ચાલુ થઈ ગયો છે.. જો કે બીજી કંપનીઓ ૨૫-30% જાહેરાતો પાછળ ખર્ચે છે એના પ્રમાણમાં પતંજલિ બહુ ઓછો ખર્ચ કરીને બચેલા પૈસાને પ્રોડક્ટની ઓછી કિમતો રાખવામાં વાપરે છે..કેમકે પતંજલિની સાચી જાહેરાત તો માઉથ-ટુ-માઉથ જ થઈ રહી છે...બાબા પાક્કા બીઝનેસમેન બનતા જાય છે !!

આ બાબા સગવડિયા છે. આજથી અંદાજે એકાદ દશક કરતા વધુ સમય પહેલા દિલ્હીની સડકો પર સાઈકલ ચલાવનાર રામદેવે ક્યારેક સહારાવાળા સુબ્રતો રોય તો ક્યારેક લાલુપ્રસાદ...ક્યારેક કોઈ મહંત તો અત્યારે નરેન્દ્ર મોદી એમ સમય સમય મુજબ વિવિધ નેતાઓ અને હસ્તીઓ સાથે પોતાનો યોગ બરાબર બેસાડી જાણ્યો છે. પણ હવે બાબા આ નવા અવતારમાં વધુ આક્રમક બનવા તૈયાર છે. હોર્લિક્સ અને બોર્નવીટાની સામે બાબા 'પાવરવીટા' નામે હેલ્થડ્રીંક ઉતારી રહ્યા છે તો નાઈકી અને અડીદાસનો મુકાબલો કરવા 'વસ્ત્રમ' નામે યોગવિયર મતલબ કે યોગ કરતી વખતે પહેરવાના ટ્રેકશૂટ અને ટીશર્ટ બજારમાં લાવી રહી છે. પતંજલિની વેબ્સાઈટ સિવાય બીગ બાસ્કેટ નામની ઓનલાઈન શોપિંગ સાઈટ અને બહુ જલ્દીથી વિશ્વ પ્રસિદ્ધ એમેઝોનની સાઈટ પર પણ પતંજલિની પ્રોડક્ટ્સ મળતી થવાની છે. વિવાદો અને મીડિયાની ખણખોદથી બેફીકર રામદેવ અને પતંજલિની સ્વદેશી વસ્તુઓના વેચાણમાં જે રીતે જબરી છલાંગ લાગી રહી છે એ જોતા તો આ બાબા આવતા વર્ષોમાં દેશના ટોચના બિઝનેસમેનોમાં સામીલ હશે એ નક્કી છે...!!!

- akurjt@gmail.com

# ભૂલાં પડેલાં મૃગજળ - એક પાદરીના દિવ્ય પ્રેમની કથા

ગુજરાતી નવલકથામાં આજે ઘણા પરિવર્તન થઈ રહ્યા છે. સાહિત્યિક મૂલ્યને બદલે લોકમૂલ્ય વિશેષ બની રહ્યું છે ત્યારે મૂળ ભારતીય પરંતુ વર્ષોથી અમેરિકા સ્થાયી થયેલા ડૉ. નવીન વિભાકર એક બૃહદ કથાનક ધરાવતી માત્ર ૧૬૦ પેઈજની નવલકથા " ભૂલાં પડેલાં મૃગજળ " લઈને આપણી સામે આવે છે.

નવલકથાનો આરંભ કોઈ મોટી ફિલ્મનું પહેલું દૃશ્ય હોય એ રીતે થાય છે. રાજસ્થાન અને ગુજરાતની સરહદે આવેલું રણ, એની આસપાસના એક ગામ ભીલાડીની ભવ્ય હવેલી અને હવેલીમાં રહેતી 'કસુંબા' ભીલ, તેનાથી ૧૫ - ૧૮ વર્ષ મોટા આશાભાલ સાથેના લગ્ન અને આ આશાભીલ આખી જાતિના સરદાર, પરંતુ લેખક કહે છે કે ભીલ જાતિમાં પણ લગ્નેત્તર સંબંધો સહજ હોય છે. એમ કહીને હવેલીમાં 'રણમલ' નામના યુવાન પાત્રનો પ્રવેશ કરાવે છે. જેની ઉમર કસુંબા ભીલથી ૧૫-૧૭ વર્ષ નાની એટલે કે ૨૨ વર્ષની છે. પરંતુ આ જ રણમલ આ જ ગામમાં આઠ વર્ષ બાદ 'હવેલીમાં ફાધર રાલ્ફ' બનીને આવે છે તેણે ખ્રિસ્તી ધર્મ અપનાવી લીધો છે. એ પૂર્ણ રીતે એમાં ડૂબી ગયો છે. પરંતુ પહેલી જ વખતે ૪૦ વર્ષની કસુંબા ૨૨ વર્ષના રણમલને વાસનારૂપે જૂએ છે. સંવાદ પણ કરે છે પરંતુ સજ્જન રણમલ "આ દેહ તો પ્રભુને સમર્પિત થઈ ગયો છે." કહીને વાસનાને ઠૂકરાવી દે છે. પરંતુ થોડા વર્ષો પછી કસુંબા ૫૦ ના અને રણમલ (ફાધર રાલ્ફ ) ત્રીસેક વર્ષનો યુવાન જ્યારે પોતાના આ ગામમાં - હવેલી દૂર્ગાવાસમાં આવે છે ત્યારે હવેલીમાં કામ કરતી દાસી જમના પણ પહેલા તો નથી ઓળખી શકતી - પછી કસુંબા રણમલને અંદર લઈ જાય છે અહી બન્ને વચ્ચેના સંવાદ એકદમ માર્મિક અને અર્થસભર બન્યા છે. ફાધર રાલ્ફ એક જ શબ્દમાં પોતાની વાત કસુંબાને સમજાવી દે છે કે "બા, પીઢતા તો મનની હોય ને - દેહની નહી, " તો સામે કસુંબા પણ ફાધરને કહી દે છે કે "આશોજી તો મને એકલી મૂકીને પાંચ વર્ષ પહેલા જ સીધાવી ગયા અને પુત્રને પણ કૉલેરા ભરખી ગયો" એમ કહી ફાધર રાલ્ફને પોતાની તરફ ખેંચવા પ્રયત્ન કરે છે. પરંતુ અસફળ રહે છે.



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

અને પછી તો આરંભાય છે ઘટનાઓની ઘટમાળ, અનેક પાત્રોનો પ્રવેશ. હવેલીમાં કસુંબાના મોટાભાઈ કાનોજીનું આવવું સાથે રાધાભાભી અને દીકરો મેરામણ અને દીકરી દિવાળી... લેખક દિવાળીના જન્મથી વાત કરે છે. રાધાની કસુવાવડ અને કસુંબાને નીકળતું ગળાનું કેન્સરફાધર દ્વારા તેમની દેખરેખ - ચર્ચા- કસુંબાનું મનોમંથન - આ બાજુ દિવાળી ૧૮ વર્ષની થવી - ગામમાં ગોઠવાતો સંગીત સમારોહ, જય કિશનના પાત્રનો નવલકથા અને દિવાળીમાં જીવનમાં થતો પ્રવેશ. પરંતુ બીજી તરફ દિવાળી પણ ફાધરથી આકર્ષાય અને પ્રેમની કબૂલાત કરે પરંતુ ફાધર મક્કમ રહે પરંતુ જ્યારે બન્ને એકાંતમાં મળે છે ત્યારે દિવાળી દ્વારા ફાધરને અપાતું હોઠો ઉપરનું ચુંબન ફાધરના અંદરના વ્યક્તિત્વને હચમચાવી નાખે છે. દિવાળી ફાધરને કહે છે "હજીયે કહું છું, પાદરીપણું છોડો અને માનવ બની જાવ પરણીને અહી જ આપણે જીવન વિતાવીએ" આવા અનેક સંવાદોમાં પ્રેમ, બંધન અને મૂક્તિના ખુબ જ માર્મિકતા - આધ્યાત્મિકતા, સંસારી અને વૈરાગી વચ્ચેનો ભેદ લેખક રજુ કરે છે. મુંબઈમાં દિવાળીનો જય કિશન સાથે ફિલ્મમાં ગાવાનો કોંટ્રાક્ટ - અહી લેખક આખી ફિલ્મ દુનિયાની વાતો લાવે છે. અને પછી તો આખી કથા એકદમ આધુનિકતાના નવા પરિમાણો લઈને ખુલતી જાય છે. પરંતુ અહી કેટલીક ઘટના અવાસ્તવિક લાગે છે. ગામડામાં અચાનક લાગતી આગ આપણી સામે અનેક પ્રશ્નો ખડા કરે છે. આગનું આ આખું દૃશ્ય કૃતક લાગે છે. કેમ કે એકબાજુ જંગલ અને બીજી બાજુ રણ હોય એવું એકેય ગામડું સ્મરણમાં હોવાનું નથી. વળી ગુજરાતમાં આવી રીતે આગ લાગે અને તે ફેલાય તેવું હવામાન કે વાતાવરણ પણ નથી. આ આગમાં થતું કાનોજીનું મૃત્યુ અને પછી વરસાદના ઝાપટાથી આગનું ઓલવાવું પણ આયાસી લાગે છે.

તો વળી બીજી તરફ રૂમમાં થતી ફાધર રાલ્ફ અને દિવાળીની મુલાકાત, દિવાળીનું ફરીથી ફાધરમાટે વાસનાગ્રસ્ત થઈ ફાધરને ચૂમવા પરંતુ ફાધરનો સંયમ નવલકથાને એક ભાવાત્મક ઉંચાઈ આપે છે.

આ ઘટનાઓ આગળ વધતા ભીલાડીમાં ઓસ્ટ્રેલિયામાં ઘેટાના ઊનનું ભણીને આવેલી માન્યા અને મેરામણનું થતું નદીમાં રોમેન્ટિક મિલન - ચુંબન, બીજી તરફ દીપા અને જયકિશનનું નજીક આવવું - ત્રીજી તરફ ફાધર રાલ્ફનું બિશપ રાલ્ફ બનવું - દીપા જયકિશનના સાદાઈથી થતા લગ્ન - પાટી અને તરત જ થોડા સમયમાં બન્ને વચ્ચે બદલાતા ભાવ અને વ્યવહાર નવલકથાની ગતિને ખુબ ઝડપથી આગળ વધારે છે. તો આ તરફ એથેન્સની ગલીઓમાં વિહરતા બિશપ રાલ્ફના મનમાં ધીમે ધીમે મહેકતી દિવાળીની યાદો અને તેમનું મનોમંથન પણ જાણે આગામી ઘટનાઓની આગાહી કરતું હોય એવું લાગે છે.

આ નવલકથામાં ચર્ચની ક્રિયાઓ, નિયમો, વર્ણનો, વિચારધારા, પ્રાર્થનાઓ આ બધુ ખુબ સુંદર રીતે લેખકે રજું કર્યુ છે, બાઈબલમાંથી ગુલાબનું ફૂલ નીકળતા બિશપ રાલ્ફ અને આર્કબિશપ વચ્ચે થતી દિવ્યપ્રેમની કબૂલાત અને ઈશ્વર પ્રત્યેનું સમર્પણ પ્રેમ અને ભક્તિની પવિત્રતાનું પ્રાગટ્ય કરે છે. બીજી તરફ દિવાળીની પ્રેગનન્સી અને દીકરીનો જન્મ, જયકિશન સાથે થતા ડિવોર્સ - દિવાળીનું ભીલાડી પરત આવવું, અહી માન્યા અને મેરામણના લગ્નની તૈયારી બિશપ રાલ્ફનું પણ ભીલાડી આવવું - એક સાંજે દિવાળી અને બિશપ રાલ્ફનું નદી કિનારે થતું શારીરિક અને આધ્યાત્મિક પ્રેમમિલન ધાર્મિક રીતે અનેક પ્રશ્નો ઊભા કરે છે પરંતુ આત્મિક અને ભાવાત્મક રીતે આ ઘટના નવલકથાને ઉપકારક બની રહે છે લેખકે અહી ઈશ્વરીય અને શારીરિક સુખના સંદર્ભે બિશપનું મનોમંથન ખુબ સરસ રીતે મૂક્યું છે. આ વાસના નહી પરંતુ આધ્યાત્મિકતા ભર્યો દેહસંબંધ દિવ્યતાભર્યો બની રહે છે. લેખકનું કહેવું છે પુરુષધર્મનું પાલન એ વાસના નથી અહી રાલ્ફ પોતાના સાચા પ્રેમની કબૂલાત પણ કરે છે અને ફરીથી એક નવી કથાનો ઉદભવ થાય છે. દિવાળીના ઉદરમાં બિશપના સંતાનનું આગમન થાય છે. પૂત્ર "નીલ"નો જન્મ થાય છે. ઈટાલીના એક ચર્ચમાં બિશપ રાલ્ફ અને કાડીનલ વચ્ચે થતી વાતચીત - રાલ્ફનું સાચા મનથી થતું પ્રાયશ્ચિત, આ બાજું ભારત પર પડોશી દેશ તરફથી થતો હુમલો, માન્યા - મેરામણનું આર્મીમાં જવું યુદ્ધ કરવું અને જીતવું - આ બધી નાટ્યાત્મકતામાં અચાનક પ્રવેશ થાય છે નીલનો. જે દસ વર્ષનો છે. તો વળી રાધાનું પોતાની દીકરી દિવાળી પાસે પોતે જીવનમાં કરેલી ભૂલનું કબૂલાતનામું - બિશપ રાલ્ફનું કાર્ડિનલ બનવું - દિવાળીની પુત્રી માધૂરીનું એક્ટ્રેસ બનવા મુંબઈ જવું અને નીલનું ત્યા અભ્યાસ નિમિત્તે થતું આગમન કથાને નવી દિશા તરફ લઈ જાય છે. નીલના મનમાં પાદરી બનવા માટેના જન્મતા વિચારોની મા દિવાળી પાસે અભિવ્યક્તિ અને દિવાળીનું " હે ઈશ્વર, તું જીતી ગયો ? એમ

અનુસંધાન પાના નં. ૬ પર